# પ્રમુખપદેથી

# સાહિત્ય અને અમેરિકાનું ગુજરાતી સાહિત્ય

**ધીરુ પરીખ**

સાહિત્યના સર્જનને કોઈ ભૌગોલિક સીમાડા નથી નડતા. કોઈ પણ દેશનો નાગરિક પોતાની માતૃભાષા અને અન્ય ભાષામાં લેખન-સર્જન કરી શકતો હોય છે, જેવી જેની ફાવટ.

નાગરિક હોવું અને નાગરિક થવું એ બન્નેમાં ફરક છે. મૂળ વતનના નાગરિકને પોતાની અભિવ્યક્તિ માટે વતનભાષા એટલે કે માતૃભાષા સહજ અને સચોટ છે. પણ અન્ય દેશનો નાગરિક બનતાં તે માતૃભાષાને ભૂંસી કે ભૂલી શકતો નથી. જેમ માતા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ ચઢિયાતાં છે તેમ માતૃભાષા પણ એ કોટિમાં આવે. કહી શકીએ કે –

**'જનની જન્મભાષાશ્ચ સ્વર્ગાદપિ ગરિયસિ.'**

તેમાંય તે વ્યક્તિ માતૃભૂમિ કે પછી માતૃભાષાના પ્રદેશથી દૂર હોય ત્યારે તે દૂધભાષા અતિ આકર્ષણનું કેન્દ્ર બની જતી હોય છે. આવે વખતે જેમ માતૃભૂમિનો ઝુરાપો દિલનું દર્દ વધારી મૂકે તેમ માતૃભાષાનો ઝુરાપો પણ અંતરને દુઃખી દુઃખી કરી મૂકે છે. વતનવછોયાં અને વતનભાષાવછોયાં લોકો વળીવળીને વતન અને વતનભાષાનો મહિમા કરતાં રહે છે.

આ ભૂમિકાએ જોઈશું તો અમેરિકામાં વિવિધ રાજ્યોમાં ઘણાં ગુજરાતીઓ વસે છે. અહીં આવેલી આ પ્રથમ ગુજરાતી પેઢી માતૃભાષાને ખૂબ લાડ લડાવે છે. વિવિધ રાજ્યોમાં નાનીનાની ગુજરાતી પત્રિકાઓ પણ પ્રકાશિત થાય છે. તો ન્યૂ જર્સીના સુભાષ શાહનું 'ગુજરાત દર્પણ' માસિક કે પેન્સિલ્વેનિયાના કિશોર દેસાઈનું 'ગુર્જરી ડાયજેસ્ટ' ત્રિમાસિક પ્રશસ્ય ઉદાહરણો છે. બાબુ સુથાર પણ ઉમદા ઉદ્દેશથી 'સન્ધિ' ચલાવે છે. આ અને આવાં અન્ય સામયિકોમાં ટૂંકી વાર્તા, ધારાવાહિક નવલકથા, પ્રવાસનિબંધ, હાસ્યકક્ષાના નિબંધો, ચિંતનાત્મક લેખો, કાવ્યો વગેરે પ્રકટ થતાં રહે છે. આમ, ગુજરાતી સાહિત્યને અહીં પ્રોક્ષણ અને પ્રોત્સાહન મળતાં રહે છે. અરુણ કંથારિયા અને જયંતી પટેલ 'રંગલો' જેવા સર્જક કલાકારો નાટ્યપ્રવૃત્તિને પણ પોષી રહ્યા છે. પ્રકાશ પારેખ 'ગુજરાત ટાઇમ્સ' દ્વારા માતૃભાષાની સેવા કરી રહ્યા છે. હરનિશ જાની હાસ્યવ્યંગના કલાત્મક નિબંધો માટે ખૂબ જાણીતા છે. સર્વશ્રી કિશોર રાવળ, ધવલ શાહ, મોના નાયક, વિજય શાહ, ચિરાગ પટેલ, જયશ્રી ભક્તા, સોનલ વૈદ્ય, સુરેશ જાની, જગદીશ ક્રિશ્ચન

વગેરે પોતાની વેબસાઇટ દ્વારા પણ અનેક સર્જકોનાં સર્જનો પ્રકાશિત કરી દુનિયાભરમાં પહોંચાડે છે.

રામભાઈ ગઢવીના પ્રમુખપદે 'નોર્થ અમેરિકન ગુજરાતી લિટરરી અકૅડમી' તથા ચંદ્રકાન્ત દેસાઈની રાહબરીમાં 'ઇન્ડોઅમેરિકન લિટરરી અકેડમી' પણ ગુજરાતી સાહિત્યને સંવર્ધવામાં મહત્ત્વનો ફાળો આપી રહેલી સાહિત્યિક સંસ્થાઓ છે. 'ગુર્જરી લિટરરી ઇન્કોર્પોરેશન' દ્વારા કિશોર દેસાઈ પણ આ દિશામાં સ્તુત્ય કાર્ય કરી રહ્યા છે.

આમ, ગુજરાતથી માઈલોના માઈલો દૂર વસતાં આ ગુજરાતી લેખકો અમેરિકામાં 'ગુજરાતી'નો જાણે જયઘોષ બોલાવી રહ્યાં છે. આવાં સર્જકોમાં પ્રીતિ સેનગુપ્તા, પન્ના નાયક, વસુધા ઇનામદાર, રક્ષા પંડ્યા, દેવિકા ધ્રુવ, મધુમતી મહેતા, સૂચિ વ્યાસ, વંદના એન્જિનિયર, મધુસૂદન કાપડિયા, મધુ રાય, હરનિશ જાની, ઇન્દ્ર શાહ, નીલેશ રાણા, પ્રવીણ પટેલ 'શશી', નવીન વિભાકર, પ્રીતમ લખલાણી, નટવર ગાંધી, આદિલ મન્સૂરી, વિજય શાહ, ભારત દેસાઈ, સુમન અજમેરી, રસિક પંડ્યા, બાબુ સુથાર, પ્રવીણ મહેતા, દિનેશ શાહ, રોહિત પંડ્યા, શૈલેશ ત્રિવેદી, કિશોર મોદી, નવીન બૅન્કર, આર. પી. શાહ, આનંદરાવ લિંગાયત, કિશોર રાવળ, વિરાફ કાપડિયા, અશરફ ડબાવાલા, જયંતી દલાલ, ચંદ્રકાન્ત દેસાઈ, કૌશિક અમીન ઇત્યાદિ પોતપોતાની રીતે ગુજરાતી સાહિત્યની સેવા કરી રહ્યા છે. આ સિવાય પણ અનેક સર્જકો અહીંનાં વિવિધ રાજ્યોમાં પોતાની સર્જનપ્રવૃત્તિ અને સર્જકમંડળો ચલાવી રહ્યા છે. તો વળી ટીવી એશિયા પણ આ ગુજરાતી સાહિત્યના પ્રચાર-પ્રસારમાં યથાયોગ્ય ફાળો આપી રહ્યું છે. એના સર્વેસર્વા એચ.આર. શાહ આ માટે સદા જાગ્રત છે અને અભિનંદનને પાત્ર છે.

અહીં નાટક કવિતા, વાર્તા, નવલકથા, વિવેચન એમ વિવિધ ક્ષેત્રે યથારુચિ અને યથાશક્તિ સહુ સર્જકો લેખિની ચલાવી રહ્યાં છે. કવિતાના ક્ષેત્રે ગીત-ગઝલ તો ખરાં જ, પણ ગદ્યકાવ્યો સવિશેષ લખાઈ રહ્યાં છે. કદાચ આનું કારણ એ પણ હોય કે ગદ્યકાવ્યમાં ગીત-ગઝલ જેવાં નિશ્ચિત અને નિયમિત આવર્તનો કે બહેરના જ્ઞાનની જરૂરિયાત વગર સર્જનોન્મેશ આગળ ધપી શકે. તો ખાસ કરીને નટવર ગાંધી છંદોબદ્ધ કાવ્યોમાં સવિશેષ અને સુરુચિકર પ્રદાન કરી રહ્યા છે. છંદો પરની એમની હથોટી દાદ માગી લે તેવી છે. ચંદ્રકાન્ત દેસાઈ પણ આ રીતે છંદોબદ્ધ રચનાઓ સર્જી રહ્યા છે. અહીં પરાઈ ભૂમિમાં રહી રહી સ્વભૂમિ અને સ્વભાષાના છંદોમાં વિહાર કરવો એ એક રીતે સાધના માગી લે છે. પ્રીતિ સેનગુપ્તા અને અન્યો પણ છંદોબદ્ધ કાવ્યો રચે છે. વિશ્વપ્રવાસી પ્રીતિબહેનના પ્રવાસલેખો પણ પ્રશસ્ય છે. અહીંના કવિઓ સૉનેટો પણ રચી જાણે છે. નીલેશ રાણા ગદ્યકાવ્યો અને ગીતો રચીને અહીંનું વાતાવરણ તથા વતનનાં મીરાં-કૃષ્ણ જેવાં પૌરાણિક પાત્રોને પડછે મનુષ્યજીવનના મિલનવિરહના ભાવોને અભિવ્યક્ત કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. એમાં પરલક્ષિતાની સાથે સાથે આત્મલક્ષિતા

પ્રશસ્ય હકીકત છે. અહીંનાં વિવિધ રાજ્યોમાં વત્તાઓછા પ્રમાણમાં ગુજરાતી લખનારાઓ જાણે પોતાની માતૃભાષાને આત્મીય અર્ઘ્ય આપી રહ્યા છે. આ હકીકતનો સ્વીકાર કર્યા પછી કલાના ધોરણે એમનાં લખાણોને નાણવા કરતાં માતૃભાષા ગુજરાતીની યથાશક્તિ યથોચિત જાળવણી કરવા માટે પણ તે સહુ ધન્યવાદને પાત્ર છે !